JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | ISC Indian Steel Corporation Ltd. | durashine TATA BLUESCOPE STEEL | TATA SHAKTEE GC SHEET
ALEWATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા


શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ વદ નોમ શુક્રવાર ૭ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૪૪ પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦

### પેટ્રોલમાં ઇથેનોલ ભેળવવામાં આવ્યા બાદ હવે

# CNG-PNGમાં બાયોગેસ ભેળવાશે

**કેબિનેટે** રૂ. 23,731 કરોડની નેશનલ બાયોગેસ યોજનાને મંજૂરી આપી

**કચરા,** ગાયના છાણમાંથી ગેસ ઉત્પન્ન કરવાના 700 જેટલા પ્લાન્ટ દેશભરમાં શરૂ કરાશે

**પહેલા** વર્ષે 3 ટકા, પછીના વર્ષે 4 ટકા અને તે પછીના વર્ષો માટે 5 ટકા મિશ્રણ ફરજિયાત

**આ ગેસ** વાહનોમાં વપરાતા CNG સાથે ભેળવવા પણ વપરાશે

**નવી દિલ્હી, તા. 6 (PTI):** કેન્દ્રીય કેબિનેટે ગુરુવારે કમ્પ્રેસ્ડ બાયોગેસ(CBG)ના ઉત્પાદનને ઝડપી બનાવવા માટે ૨૩,૭૩૧ કરોડની રાષ્ટ્રીય યોજનાને મંજૂરી આપી છે. આયાતી અશ્મિભૂત ઈંધણ પર નિર્ભરતા ઘટાડવા અને દેશના સ્વચ્છ ઊર્જા તરફના સંક્રમણને મજબૂત કરવા માટે સરકારે કૃષિ અને નગરપાલિકાના કચરાનો ઉપયોગ કરવાનો નિર્ણય કર્યો છે. પેટ્રોલમાં જેમ ઈથેનોલ ભેળવવામાં આવ્યું તેમ ભવિષ્યમાં બાયોગેસને તમારા રસોડામાં પહોંચતા પાઈપ્ડ રસોઈ ગેસ (PNG) અને ઓટો-કાર વગેરેમાં વપરાતા CNG સાથે મિશ્રિત કરવામાં આવશે.

આ CBG, અથવા કોમ્પ્રેસ્ડ બાયોગેસ હશે. આ માટે મોટા પાયે બાયોગેસ ઉત્પાદનની જરૂર પડશે, અને આ જરૂરિયાતને પહોંચી વળવા માટે, દેશભરમાં 600 થી 700 નવા બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવશે. નાણાકીય વર્ષ ૨૦૨૭થી ૨૦૩૬ વચ્ચે અમલમાં મુકવામાં આવનાર ગોબરધન યોજનાનો ઉદ્દેશ્ય ખાતરીપૂર્વકની ખરીદી, વહીવટી કિંમતો, મૂડી સબસિડી, પાઈપલાઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ધિરાણની સરળ એક્સેસ દ્વારા દેશમાં કમ્પ્રેસ્ડ બાયોગેસના ઉત્પાદનમાં લગભગ દસ ગણો વધારો કરવાનો

...અનુસંધાન પાના 5 પર

### વિમાનના ઇંધણમાં ઇથેનોલ ભેળવવાની કોઇ યોજના નથી : સરકાર

**ATFમાં ઇથેનોલ મિશ્રિત કરવાની હિલચાલ થઇ રહી હોવાના કેજરીવાલના દાવાને નાગરિક ઉડ્ડયન મંત્રીએ ફગાવ્યો**

**નવા દિલ્હી.** નાગરિક ઉડ્ડયન પ્રધાન કે. રામમોહન નાયડુએ ગુરુવારે જણાવ્યું હતું કે એવિએશન ટર્બાઇન ફ્યુઅલ (ATF) સાથે ઇથેનોલ મિશ્રિત કરવાનો કોઈ પ્રસ્તાવ નથી અને ઉડ્ડયન સલામતી અંગે અફવાઓ ફેલાવવાથી હવાઈ મુસાફરોમાં બિનજરૂરી ચિંતા ઊભી થાય છે. દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કેન્દ્ર સરકાર ATFમાં ઇથેનોલ મિશ્રિત કરવાની યોજના બનાવી રહી હોવાનો દાવો કર્યા બાદ તેમની આ ટિપ્પણી સામે આવી છે. કેજરીવાલે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, સૂત્રો સૂચવે છે કે મોદી સરકાર એવિએશન ટર્બાઇન ફ્યુઅલ (ATF)માં ઇથેનોલ મિશ્રિત કરવાની યોજના બનાવી રહી છે. નિષ્ણાતોનું કહેવું છે કે આનાથી ફ્લાઇટ્સની સલામતી ગંભીર રીતે જોખમાઈ શકે છે. નાયડુએ જણાવ્યું હતું કે સરકાર ATF સાથે ઇથેનોલ મિશ્રિત કરવાની યોજના બનાવી રહી છે તે દાવો સંપૂર્ણપણે ખોટો અને બેજવાબદાર છે અને ઉમેર્યું કે આવો કોઈ પ્રસ્તાવ નથી. મંત્રીએ એક્સ પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ઉડ્ડયન સલામતી અંગે ખોટી માહિતી ફેલાવવાથી માત્ર હવાઈ મુસાફરોમાં બિનજરૂરી ચિંતા પેદા થાય છે. મુસાફરોની સલામતી એ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. વધુ સ્પષ્ટતા કરતા નાયડુએ જણાવ્યું કે ઇથેનોલ અને સસ્ટેનેબલ એવિએશન ફ્યુઅલ (SAF) સંપૂર્ણપણે અલગ છે અને બંનેને એક ન ગણવા જોઈએ. તેમણે કહ્યું કે, SAF એ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રમાણિત ઉડ્ડયન ઇંધણ છે જેને ઇન્ટરનેશનલ સિવિલ એવિએશન ઓર્ગેનાઇઝેશન(ICAO) દ્વારા માન્યતા પ્રાપ્ત છે અને વૈશ્વિક સ્તરે અપનાવવામાં આવ્યું છે. તે કઠિન પરીક્ષણમાંથી પસાર થાય છે અને કડક વૈશ્વિક સલામતી ધોરણોને પૂર્ણ કરે છે.

### સૂર્યને આવો તમે ક્યારેય નહીં જોયો હોય

## વૈજ્ઞાનિકોએ સૂર્યની સપાટીના સૌથી વધુ રિઝોલ્યુશન અવલોકન કેપ્ચર કર્યા

**સૂર્યના** અદ્દભૂત વીડિયો અને ફોટા હવાઈમાં NSF ઇનોયે સોલર ટેલિસ્કોપનો ઉપયોગ કરીને લેવામાં આવ્યા

**વૈજ્ઞાનિકોના** મતે સૂર્ય અંગેના તેમના નવા અવલોકનો કંઈક એવું જાહેર કરે છે જે પહેલાં ક્યારેય જોવા મળ્યું નથી



વૈજ્ઞાનિકોએ સૂર્યની સપાટીની અત્યાર સુધીની સૌથી વધુ રિઝોલ્યુશનવાળી છબીઓ કેપ્ચર કરી છે, જે પહેલાં ક્યારેય ન જોયેલા પેટર્ન જાહેર કરે છે.

સંશોધકો કહે છે કે આ સર્પાકાર વમળ એવા એન્જિન હોઈ શકે છે જે સૌથી વધુ હિંસક અવકાશ હવામાનને ચલાવે છે, જેમાં સૌર જ્વાળાઓનો સમાવેશ થાય છે જે પૃથ્વી પરના સંદેશાવ્યવહારને તોડી શકે છે.

સંશોધકોએ તસવીરોની તુલના અત્યંત વિશિષ્ટ કમ્પ્યુટર સિમ્યુલેશન સાથે કરી જેથી ગતિશીલતાને સમજવામાં મદદ મળે જે સામાન્યરીતે માપવામાં અશક્ય હોય છે.

**નવી દિલ્હી, તા. 06 :** વૈજ્ઞાનિકોએ સૂર્યના અત્યાર સુધીના સૌથી ઉચ્ચ-રિઝોલ્યુશન અવલોકનો કેદ કર્યા છે, જેમાં આશ્ચર્યજનક નવી વિગતો બહાર આવી છે. આ અદ્ભુત વીડિયોઝ અને ફોટા હવાઈમાં NSF ઇનોયે સોલર ટેલિસ્કોપનો ઉપયોગ કરીને લેવામાં આવ્યા હતા , જે વિશ્વના સૌથી શક્તિશાળી સૌર ટેલિસ્કોપ છે. તે આપણા ઘરના તારાના દૃશ્યમાન બાહ્ય સ્તરમાં, ઠંડા સૂર્યસ્પોટની ધાર પર ચુંબકીય રીતે તોફાની વિસ્તાર દર્શાવે છે. અત્યાધુનિક સિમ્યુલેશન્સ સાથે મળીને, સંશોધકો કહે છે કે તેમના નવા અવલોકનો કંઈક એવું જાહેર કરે છે જે પહેલાં ક્યારેય જોવા મળ્યું નથી. નેચરમાં પ્રકાશિત થયેલા એક નવા પેપરમાં, વૈજ્ઞાનિકોએ ‘કેલ્વિન-હેલ્મહોલ્ટ્ઝ ઇન્સ્ટેબિલિટી’ (KHI) નામની ઘટનાની પ્રથમ ‘સ્પષ્ટ’ ઓળખનું વર્ણન કર્યું છે. આ સૂર્યની સપાટી પર વમળ જેવા દેખાતા ફરતા પેટર્ન છે, જે પ્રવાહી એકબીજાની પાછળથી જુદી જુદી ઝડપે સરકતી વખતે બને છે. સંશોધકોના મતે, આ સર્પાકાર વમળો સૌથી હિંસક સૌર હવામાનને સમજવાની

...અનુસંધાન પાના 5 પર

### દિલ્હી ડાયરી

**નીતિન ગડકરીની ત્વરિત કાર્યવાહી**

કેરળના કોંગ્રેસ સાંસદ શફી પરમબિલ ગઈકાલે કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીને એક ફરિયાદ સાથે મળવા પહોંચ્યા ત્યારે ગડકરીજીએ પોતાની ‘એક્શન ઓરિએન્ટેડ’ (પરિણામલક્ષી) છબીને સાર્થક કરી બતાવવી. પોતાના પક્ષે શફીએ ગડકરીનું ધ્યાન દોર્યું કે તેમના વડકરા મતવિસ્તારમાં ભારે વરસાદને કારણે નિર્માણાધીન રાષ્ટ્રીય રાજમાર્ગ પર ઘણા સ્થળોએ જમીન ધસી ગઈ છે અને પ્રોટેક્શન વોલ તૂટી પડી છે, જેના કારણે તેમને સ્થાનિક મતદારોના આક્રોશનો સામનો કરવો પડી રહ્યો છે. પોતાની વાત મજબૂતીથી મૂકવા માટે, શફીએ રસ્તાની દયનીય સ્થિતિ માટે બંનેને જવાબદાર ઠેરવતા મીમ્સ અને વીડિયો પણ મંત્રીજીને બતાવ્યા. આ ફરિયાદને ધ્યાને લઈ મંત્રી તાત્કાલિક એક્શનમાં આવ્યા હતા. તેમણે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એનએચએઆઈ) ના અધિકારીઓને બોલાવ્યા. તેમણે અધિકારીઓને સાંસદની ફરિયાદોની તાત્કાલિક નોંધ લેવા અને કોઈપણ વિલંબ

...અનુસંધાન પાના 5 પર

### તા. ૦૬-૦૮-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો 0.0 મીમી | મોસમનો ૧૬૧૨ મીમી |
| ઉકાઈ | સપાટી આજની ૩૩૪.૬૭ ફૂટ | આઉટફ્લો ૨૩,૨૧૨ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૨.૦ સે. | ૨૬.૬ સે. | ૭૩% |

# ચોમાસુ સત્ર પુરું થાય તે પહેલા FCRA ખરડો પસાર કરાવી દેવાના પ્રયાસો

**વિદેશથી** આવતા દાન-ફાળાના નિયંત્રણ માટેના કાયદામાં સુધારા માટેનો આ ખરડો સરકાર ચર્ચા કરાવીને જ પસાર કરાવવા માગે છે

**તેના** વિવાદાસ્પદ પાસાઓની ચર્ચા વિપક્ષી સભ્યો અને ધાર્મિક જૂથો સાથે થઇ રહી છે, ખાસ કરીને ખ્રિસ્તી સમુદાયને સમજાવવાના પ્રયાસો

**નવી દિલ્હી, તા. 6 :** સરકાર આગામી ૧૨ ઓગસ્ટે સંસદમાં વિવાદાસ્પદ ‘ફોરેન કોન્ટ્રિબ્યુશન (રેગ્યુલેશન) અમેન્ડમેન્ટ બિલ, ૨૦૨૬’ (વિદેશી યોગદાન નિયમન સુધારા ખરડો) પર ચર્ચા શરૂ કરે તેવી શક્યતા છે અને તેના બીજા જ દિવસે ચોમાસુ સત્ર સમાપ્ત થાય તે પહેલાં બંને ગૃહોમાં તેને પસાર કરાવવાનો પ્રયાસ કરશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજીજુ આ ખરડા પર સંસદમાં ચર્ચા શરૂ થાય તે પહેલાં, તેના વિવાદાસ્પદ પાસાઓ પર સર્વસંમતિ સાધવા માટે વિપક્ષી સભ્યો અને ધાર્મિક જૂથોનો સંપર્ક સાધી રહ્યા છે. સંસદનું સત્ર મોકૂફ થાય તે પહેલાં હવે માત્ર પાંચ કામકાજના દિવસો જ બાકી બચ્યા છે. ભારતમાં વ્યક્તિઓ, સંગઠનો અને કંપનીઓ દ્વારા વિદેશી ફંડ મેળવવા અને તેના ઉપયોગ પર નિયંત્રણ રાખતા ‘ફોરેન કોન્ટ્રિબ્યુશન (રેગ્યુલેશન) એક્ટ’ (FCRA)માં સુધારો કરવા માટેનું આ બિલ ૨૫ માર્ચ, ૨૦૨૬ના રોજ લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. મિઝોરમના મુખ્યમંત્રી લાલદુહોમા, જેઓ એક પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહ્યા હતા, તેમણે ગુરુવારે સંસદમાં અમિત શાહ સાથે મુલાકાત કરી

...અનુસંધાન પાના 5 પર

### ભારતનો આ કાયદો ખ્રિસ્તી વિરોધી, સંબંધો પર અસર પડશે : અમેરિકી સાંસદ

અમેરિકાના વેસ્ટ વર્જિનિયાના રિપબ્લિકન સાંસદ રાઈલી મૂરેએ સાર્વજનિક રૂપે આ બિલની ટીકા કરી હતી અને તેને ખ્રિસ્તીઓ સામેનો સ્પષ્ટ હુમલો ગણાવ્યો હતો. કોંગ્રેસમેન મૂરેએ X પર એક પોસ્ટમાં આરોપ લગાવ્યો હતો કે સૂચિત FCRA સુધારા ભારત સરકારને વિદેશી ભંડોળ મેળવતા ચર્ચો અને ધાર્મિક ધર્માદા સંસ્થાઓ પર નિયંત્રણ મેળવવા અથવા તેનો કબજો લેવાની મંજૂરી આપશે. તેમણે ચેતવણી આપી હતી કે જો આ ખરડો તેના વર્તમાન સ્વરૂપમાં પસાર થશે, તો તેનાથી ભારત-અમેરિકાના દ્વિપક્ષીય સંબંધોમાં ખટાશ આવી શકે છે. ભારતમાં ખ્રિસ્તીઓ સદીઓથી રહે છે આમ છતાં ભારતની સંસદ ચર્ચો પર અને ચેરીટીઓ પર કબજો જમાવવા કાયદો લાવવાની તૈયારી કરી રહી છે એમ તેમણે કહ્યું હતું.

# જેન ઝી આપણી પેઢી કરતાં વધુ પ્રામાણિક અને દેશભક્ત : ભાગવત

**મને** જેન ઝી-જેન આલ્ફા પર આંધળો વિશ્વાસ, વિરોધ કરવાથી તેઓ રાષ્ટ્રવિરોધી નથી બની જતા : RSS વડા

**લોકશાહીમાં** વિરોધ એ સંવાદનું કાયદેસરનું સ્વરૂપ, તેનો હેતુ મતભેદનો નહીં પણ સર્વસંમતિ સાધવાનો હોવો જોઈએ

**મુંબઈ, તા. 06 :** રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) ના વડા મોહન ભાગવતે ગુરુવારે ભારતની યુવા પેઢીને મજબૂત સમર્થન આપતા કહ્યું કે તેઓ જેન-ઝી પર આંધળો વિશ્વાસ કરશે અને ભારપૂર્વક જણાવ્યું કે વિરોધ પ્રદર્શનોમાં ભાગ લેતા વિદ્યાર્થીઓને રાષ્ટ્રવિરોધી ગણાવવા જોઈએ નહીં. તેમણે કહ્યું હતું કે જેન-ઝી અને જેન-

...અનુસંધાન પાના 5 પર




### અનામત ઉત્થાન માટે છે, કાયમી નથી, તેનું રાજકારણ ઈરાદાપૂર્વક કરવામાં આવ્યું : RSS વડા

મુંબઈ, તા. 06 (પીટીઆઈ): આરએસએસ વડા મોહન ભાગવતે ગુરુવારે જણાવ્યું હતું કે વંચિત વર્ગો માટે નોકરીઓ અને શિક્ષણમાં અનામતની વ્યવસ્થા સામાજિક ભેદભાવને દૂર કરવા માટે લાવવામાં આવી હતી અને જ્યાં સુધી અસમાનતા રહેશે ત્યાં સુધી તે ચાલુ રહેશે. પરંતુ જે લાભાર્થીઓએ પ્રગતિ કરી લીધી છે,

...અનુસંધાન પાના 5 પર

### જેન-ઝીને રિઝવવા રાહુલ પણ ઇન્સ્ટાના શરણે

## રાહુલ ગાંધીએ ઈન્સ્ટાગ્રામ પર ‘મને કંઈ પણ પૂછો’ સેશન શરૂ કર્યું

**રાહુલે** આપેલા બે પ્રશ્નોના જવાબની વીડિયો ક્લિપ્સ પણ કોંગ્રેસે જારી કરી

**નવી દિલ્હી, 6 (PTI):** ‘જેન-ઝી’ સુધી પહોંચવાના એક નવા પ્રયાસના ભાગરૂપે, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે ઈન્સ્ટાગ્રામ પર “Ask Me Anything” (મને કંઈ પણ પૂછો) સેશન શરૂ કર્યું હતું. આ દરમિયાન તેમણે ઝારખંડમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન સહિતના અનેક પ્રશ્નોના જવાબો આપ્યા હતા અને ભારપૂર્વક કહ્યું હતું કે દરેક સરકારે વિદ્યાર્થીઓ શું કહી રહ્યા છે તે સાંભળવું જોઈએ.

ગાંધીએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ દ્વારા યુવાનોને પ્રશ્નો પૂછવા માટે આમંત્રિત કર્યા હતા અને કહ્યું હતું કે તેઓ શક્ય તેટલા વધુ પ્રશ્નોના જવાબો આપશે. X પર પોતાની આ ઈન્સ્ટાગ્રામ પહેલની લિંક શેર કરતા રાહુલ ગાંધીએ લખ્યું, વિદ્યાર્થીઓ, જેન-ઝી હું સાંભળવા માટે અહીં છું. ઈન્સ્ટાગ્રામ પર મને કંઈ પણ પૂછો, અને હું શક્ય તેટલા વધુ પ્રશ્નોના જવાબ આપીશ.” કોંગ્રેસે તેમણે આપેલા બે પ્રશ્નોના જવાબોની વીડિયો ક્લિપ્સ પણ જાહેર કરી હતી.

ઝારખંડમાં ચાલી રહેલા વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનને

...અનુસંધાન પાના 5 પર

# તહેલકાના સ્થાપક તરુણ તેજપાલ રેપ કેસમાં દોષિત : 10 વર્ષની સજા

**તેજપાલને** નિર્દોષ જાહેર કરતા ગોવાની સેશન્સ કોર્ટના ચુકાદાને બોમ્બે હાઇકોર્ટે રદ કર્યો, રૂ. 10, 21000નો દંડ પણ ફટકાર્યો

**2013ના** મહિલા સહકર્મી પરના રેપ કેસમાં બોમ્બે હાઇકોર્ટના આ ચુકાદાને તેજપાલ સુપ્રીમ કોર્ટમાં પડકારશે

**પણજી, તા. 6:** તેહલકા મેગેઝીન અને મીડિયા ગૃહના સ્થાપક અને ભૂતપૂર્વ તંત્રી તરુણ તેજપાલને ૨૦૧૩માં પોતાની એક મહિલા સહકર્મી પર બળાત્કાર ગુજારવા બદલ બોમ્બે હાઈકોર્ટે ગુરુવારે દોષિત ઠેરવ્યા છે.

...અનુસંધાન પાના 5 પર



### પીડિતાનું વર્તન અમુક પ્રકારનું જ હોવું જોઇએ તે ધારણા ખોટી: હાઇકોર્ટ

તરૂણ તેજપાલને નિર્દોષ છોડી મૂકતા ટ્રાયલ કોર્ટના ૨૦૨૧ના ચુકાદાને હાઇકોર્ટે “વિકૃત” ગણાવ્યો હતો અને એ ધારણાનો શિકાર બનવા બદલ તેની આકરી ઝાટકણી કાઢી હતી કે આવા કેસોમાં ફરિયાદી “પરફેક્ટ વિક્ટિમ”(સંપૂર્ણ

...અનુસંધાન પાના 5 પર

# ઈરાન અને અમેરિકા કહે છે કે હોર્મુઝ કરાર થવાની તૈયારી છે

**જો કે** બંનેના નિવેદનોમાં થોડો ફેર જણાય છે, કરાર કરવા માટે બેમાંથી એકે અથવા બંનેએ થોડી પીછેહટ કરવી પડશે

**કાહિરા, તા. 6 (AP):** ઈરાને બુધવારે જણાવ્યું હતું કે તે હોરમૂઝ સ્ટ્રેટ અંગે ઓમાન સાથેના કરારના આખરી તબક્કામાં છે, અને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે આ અઠવાડિયે કોઈ સમજૂતીની જાહેરાત થઈ શકે છે. આ નિર્ણયથી સંભવિતપણે આ મહત્વપૂર્ણ જળમાર્ગ ફરીથી ખુલી શકે છે, વૈશ્વિક અર્થતંત્ર પરનું દબાણ ઘટી શકે છે અને યુદ્ધનો અંત લાવવામાં મદદ મળી શકે છે.

...અનુસંધાન પાના 5 પર

### યુદ્ધ સમાપ્ત કરવાના પ્રયાસો ગુંચવણભર્યાઃ વાન્સ

ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સે બુધવારે સ્વીકાર્યું હતું કે એવું લાગી શકે છે કે અમેરિકા ઈરાનમાં પ્રગતિ કરી રહ્યું નથી. તેમણે યુદ્ધ સમાપ્ત કરવાના પ્રયાસોને “ગૂંચવણભર્યા” ગણાવ્યા હતા અને કહ્યું હતું કે “આમાં થોડો સમય લાગશે”. ફોક્સ ન્યૂઝ ચેનલ પર પ્રસારિત થયેલા એક ઇન્ટરવ્યુમાં વાન્સે જણાવ્યું હતું કે ઈરાનીઓ “અત્યંત મુશ્કેલ લોકો” છે અને યુદ્ધનો ઉકેલ લાવવાના પ્રયાસો માટે ક્યારેક આગળ વધતા પહેલા પાછળ હઠવાની જરૂર પડે છે.